# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-08-2025** **Morning : 6.45 to 6.55 am**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

સ્વતંત્રતા દિવસની સૌ શ્રોતા મિત્રોને શુભેચ્છાઓ..

1. સમગ્ર દેશ આજે ગૌરવભેર સ્વતંત્રતા પર્વની ઉજવણી કરી રહ્યો છે.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે દિલ્હીના લાલ કિલ્લાથી સ્વતંત્રતા દિવસ સમારોહનું નેતૃત્વ કરશે
3. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં પોરબંદરમાં રાજ્યકક્ષાના સ્વતંત્રતા પર્વની ઉજવણી કરાશે
4. દેશભરમાં યોજાયેલા "હરઘર તિરંગા" અભિયાનની આજે પૂર્ણાહૂતિ થશે.
5. ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં આજે ભારે વરસાદની આગાહી.

----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM INDEPENDENCE DAY

સમગ્ર દેશ આજે ઓગણએંસી-મો સ્વતંત્રતા દિવસ ઉજવી રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે દિલ્હીના પ્રતિષ્ઠિત લાલ કિલ્લાથી સ્વતંત્રતા દિવસ સમારોહનું નેતૃત્વ કરશે. તેઓ લાલ કિલ્લાની પ્રાચિરથી રાષ્ટ્રધ્વજ લહેરાવશે અને રાષ્ટ્રને સંબોધિત કરશે. આ વર્ષે સ્વતંત્રતા દિવસ સમારોહનો વિષય “નયા ભારત” છે. સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં રાજ્યનાં એક મહિલા સરપંચ સહિત ત્રણ સરપંચ પણ વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

પ્રસ્તુત છે એક અહેવાલ.....

**(V/C- ANAND KUMAR)**

-------------

# STATE INDEPENDENCE DAY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે પોરબંદરમાં રાજ્યકક્ષાના સ્વતંત્રતા પર્વની ઉજવણી કરાશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ધ્વજવંદન કરશે. તેમની સાથે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયા, જિલ્લાના ધારાસભ્યો, પ્રભારી મંત્રી અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના મંત્રી સહિતના મહાનુભાવ આ ઉજવણીમાં ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત કેબિનેટ મંત્રીઓ કનુ દેસાઈ નવસારીમાં, ઋષિકેશ પટેલ સાબરકાંઠામાં, રાઘવજી પટેલ જામનગરમાં, બળવંતસિંહ રાજપૂત વલસાડમાં અને ડૉક્ટર કુબેર ડિંડોર પંચમહાલમાં ધ્વજવંદન કરશે. જ્યારે રાજ્યકક્ષાના મંત્રીઓ હર્ષ સંઘવી ગાંધીનગર, જગદીશ વિશ્વકર્મા મોરબી અને કુંવરજી હળપતિ તાપીમાં ધ્વજવંદન કરશે. આ સિવાયના જિલ્લાઓમાં કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં ધ્વજવંદન સમારોહ યોજાશે તેમ સામાન્ય વહીવટ વિભાગની યાદીમાં જણાવાયું છે.

-------------

# CM PORBANDAR LOKARPAN

પોરબંદરમાં રાજ્યકક્ષાના સ્વતંત્રતા પર્વની ઉજવણીની પૂર્વસંધ્યાએ ગઈકાલે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં સાંસ્કૃતિક કાર્યક્રમ "વંદન તને પોરબંદર" યોજાયો. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અંદાજે 175 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું.

શ્રી પટેલે કહ્યું, શૌર્ય, સાહસ અને ખમીરની ભૂમિ પોરબંદરે ડબલ એન્જિન સરકારના નેતૃત્વમાં વિકાસની હરણફાળ ભરી છે. તેમણે મહાત્મા ગાંધીજીની આદર્શને અનુસરીને દેશને વિકસિત અને સશક્ત રાષ્ટ્ર બનાવવા સંકલ્પબદ્ધ થવા પણ લોકોને અપીલ કરી.

-------------

# PRESIDENT ADDRESS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું, ભારત વર્ષ 2047 સુધીમાં એક વિકસિત અર્થવ્યવસ્થા બનવાના માર્ગ પર છે. ઓગણએંસી-મા સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ ગઈકાલે રાષ્ટ્રના નામે સંબોધનમાં રાષ્ટ્રપતિ મુર્મૂએ તેનો શ્રેય સામાજિક ક્ષેત્રની પહેલની સાથે સર્વાંગી આર્થિક વિકાસને આપ્યો. તેમણે કહ્યું, રાષ્ટ્ર અમૃતકાળમાં આગળ વધી રહ્યું છે અને દરેક નાગરિક તેમાં પોતાની ક્ષમતા મુજબ યોગદાન આપી રહ્યો છે.

સુશ્રી મુર્મૂએ લોકોને સ્વદેશી વસ્તુઓને ખરીદવા અને તેનો ઉપયોગ કરવાનો સંકલ્પ લેવા પણ અપીલ કરી. યુવાનો, મહિલાઓ અને વંચિત સમુદાય વિકસિત ભારતનું નેતૃત્વ કરશે તેવો વિશ્વાસ પણ સુશ્રી મુર્મૂએ વ્યક્ત કર્યો હતો.

**(BYTE: DROUPADI MURMU, PRESIDENT) VIKSIT BHARAT**

સુશ્રી મુર્મૂએ પહલગામ આતંકી હુમલામાં નિર્દોષ નાગરિકોની હત્યાને કાયરતાપૂર્ણ અને સંપૂર્ણ રીતે અમાનવીય ગણાવ્યો. તેમણે કહ્યું, ભારતે ઑપરેશન સિંદૂરથી નિર્ણાયક અને દ્રઢ સંકલ્પ સાથે જવાબ આપ્યો.

-------------

# HAR GHAR TIRANGA -DISTRICT

**હવે હર ઘર તિરંગાના સમાચાર**

(તિરંગા ટ્યુન)

રાજ્ય સહિત દેશભરમાં યોજાયેલા ‘હર ઘર તિરંગા’ અભિયાનની આજે પૂર્ણાહુતિ થશે. ગઇકાલે આ અભિયાન અંતર્ગત વિવિધ જિલ્લાઓમાં અનેક કાર્યક્રમ યોજાયા. તે અંતર્ગત અમદાવાદની ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ત્રિરંગાયાત્રા યોજાઇ.

બારડોલી નગરપાલિકા અને સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે ત્રિરંગા યાત્રા યોજાઈ, જેમાં મહિલા તબીબ, નર્સિંગ સ્ટાફ સહિત દર્દીઓ જોડાયા હતા.

બ્રહ્માકુમારીઝ સંસ્થા દ્વારા આજે ભાવનગરમાં વિવિધ સેવા કેન્દ્ર પર ત્રિરંગા યાત્રા યોજાશે.

ગુજરાત યુનિવર્સિટી ખાતે યોજાયેલી ત્રિરંગા યાત્રામાં 3 હજાર જેટલા વિદ્યાર્થીઓ 75 ફૂટ લાંબા તિરંગા સાથે ઉત્સાહભેર સહભાગી થયા. સાણંદ શહેરમાં આશરે 1.5 કિમી સુધી યોજાએલી તીરંગા યાત્રા મા મોટી સંખ્યામાં નાગરિકો ઉદ્સાહભેર સહભાગી થયા હતા.

-------------

# WEATHER FORECAST

હવામાન વિભાગે રાજ્યમાં આગામી 19 ઑગસ્ટ સુધી વરસાદની આગાહી કરી છે. ત્યારે આજે ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની સંભાવના છે. તો માછીમારોને આગામી 18 ઑગસ્ટ સુધી દરિયો ન ખેડવા પણ સૂચના અપાઇ હોવાનું હવામાન ખાતાના નિયામક ડો. એ.કે.દાસે જણાવ્યું.

(BYTE – Dr. A.K.DAS, IMD)

દરમિયાન ગઈકાલે રાત્રે આઠ વાગ્યા સુધીમાં રાજ્યના 46 તાલુકામાં વરસાદ થયો છે. સૌથી વધુ ત્રણ ઈંચ જેટલો વરસાદ ડાંગના વઘઈ અને ગીર સોમનાથના સુત્રાપાડા તાલુકામાં થયાના અહેવાલ છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ વરસાદ 65 ટકા જેટલો નોંધાયો છે.

-------------

# EXTRA BUS

આવતીકાલે જન્માષ્ટમી પર્વને લઇ ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ વધારાની એક હજાર 200 ફેરાનું સંચાલન કરશે. તેનાથી રાજ્યના બે લાખથી વધુ મુસાફરોને લાભ થશે.

અમદાવાદ, રાજકોટ, સુરત, મહેસાણા, વડોદરા જેવાં મોટા શહેરી વિસ્તારમાં જરૂર મુજબ આ આયોજન કરાયું છે. આ ઉપરાંત જન્માષ્ટમી દરમિયાન ડાકોર, દ્વારકા, શામળાજી તેમજ મહત્વના જિલ્લા-તાલુકા કક્ષાના સ્થળોએ પણ વધારાની બસ દોડાવાશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવ્યું.

-------------

# TRAIN INFORMATION

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં આવતા લાખાબાવળ-પીપળી-કાનાલુસ વિભાગમાં ડબલ ટ્રેકના કામને કારણે  કેટલીક ટ્રેનને અસર થશે.

21 ઓગસ્ટે નાથદ્વારાથી ઉપડતી નાથદ્વારા-ઓખા એક્સપ્રેસ રાજકોટ મથક પર સમાપ્ત થશે. આ ટ્રેન રાજકોટ-ઓખા વચ્ચે આંશિક રીતે રદ રહેશે. જ્યારે 22 ઓગસ્ટે ઓખા-દેહરાદૂન એક્સપ્રેસ ઓખાની જગ્યાએ જામનગરથી ઉપડશે અને ઓખા-જામનગર વચ્ચે તે આંશિક રીતે રદ રહેશે, એમ સત્તાવાર રેલવેની યાદીમાં જણાવાયું છે.

-------------

# FOOD N DRUGS

સાતમઆઠમના તહેવારને લઈને ખોરાક અને ઔષધ નિયમન તંત્રે મીઠાઇ-ફરસાણના 500 વિવિધ એકમોમાં દરોડા પાડ્યા, દરમિયાન 800 વધુ નમૂના એકત્ર કરાયા. નાગરિકોનું આરોગ્ય જોખમાય નહીં તે માટે આ ઝુંબેશ હાથ ધરાઇ હોવાનું ખોરાક અને ઔષધ નિયમન કમિશ્નર ડોક્ટર એચ.જી કોશિયાએ જણાવ્યું.

(બાઈટ: એચ.જી કોશિયા- ફૂડ એન્ડ ડ્રગ્સ કમિશનર)

-------------

# CM PATEL ADDRESS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, આઝાદીના સાડા સાત દાયકાથી વધુ સમય પૂર્ણ કરીને દેશ સ્વતંત્રતાની શતાબ્દી તરફ ઝડપથી આગળ વધી રહ્યો છે. ઓગણએંસી-માં સ્વતંત્રતા પર્વની પૂર્વસંધ્યાએ રાજ્યના નાગરિકોને પ્રજાજોગ સંદેશમાં શ્રી પટેલે કહ્યું, રાજ્યમાં આગણે ગામે-ગામ અને નગરો—શહેરોમાં "હરઘર તિરંગા અભિયાન"થી લોકોમાં રાષ્ટ્રહિત પ્રબળ બનાવ્યું છે.

શ્રી પટેલે લોકોને રાષ્ટ્રહિત પ્રથમનો ભાવરાખીને કામ કરવા પણ અપીલ કરી. તેમણે કહ્યું, રાજ્યને વેપાર-ઉદ્યોગ ક્ષેત્રે વિશ્વના નકશા પર ચમકાવવા વાઈબ્રન્ટ સમિટની પરંપરા શરૂ થઈ છે. આવનારા મહિનાઓમાં નગરો અને ગામ પણ ઔદ્યોગિક વિકાસના ભાગીદાર બને તે માટે પ્રાદેશિક વાઈબ્રન્ટ સમિટની નવી પહેલ કરવાની પણ શ્રી પટેલે જાહેરાત કરી

-------------